श्री

अथ महिम्नस्तोत्र प्रारंभः

(गुर्जर टीका सहित.)

प्रसिद्ध कर्ता

पंडित नारायण मूळजी.

अयंच

मुंबय्यां

तत्त्वविवेचक मुद्राळये मुद्रितं.

शके १८३४. सने १९१२.

मूल्य १ आनो.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી ડીપોઝીટરી-સંગ્રહ



गुजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૪૨૫૫ वर्गांक

पुस्तकनुं नाम મહિમ્ન સ્તોત્ર

विषय પ ૨૩:૬૬૭

श्रीगणेशाय नमः ॥ पुष्पदंत उवाच ॥ महिम्नः पारं ते परमविदुषो यद्यसदृशी स्तुतिर्ब्रह्मादीनामपि तदवसन्नास्त्वयि गिरः ॥ अथावाच्यः सर्वः स्वमतिपरिणामावधि गृणन्ममाप्येषः स्तोत्रे हर निरपवादः परिकरः ॥ १ ॥

નિર્ગુણ સ્વરૂપ બુદ્ધિથી પર.—હે ભગવન્! આપના મહિમાના પારને નહિ જાણનારા પુરુષની સ્તુતિ જો અયોગ્ય હોય તો તેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. કારણ કે બ્રહ્માદિ દેવતાઓની વાણી પણ આપને વિશે નિષ્ફળ થાય છે. (અર્થાત્ અમે કેવળ આપની સ્તુતિ વિશે અનધિકારી છીએ એમ નથી, પણ બ્રહ્માદિ દેવો પણ આપની સ્તુતિ કરવા અશકય છે. હવે જો કે સર્વે અનધિકારી છે, છતાં તે સર્વેને અધિકાર કેવી રીતે પ્રાપ્ત થાય છે તે કહેછે). હે ભગવન્! સર્વ જન પોતાની બુદ્ધિની મર્યાદા પર્યંત આપની જે સ્તુતિ કરેછે, તે દોષથી રહિત છે. તે રીતે, હે હર અર્થાત્ હે દીનોના દુઃખનું નાશ કરવાવાળા! આ સ્તુતિને વિશે મારો પણ જે કંઈ ઉદ્યમ છે, તે કોઈપણ રીતના અપવાદથી રહિત છે. (૧).

अतीतः पंथानं तव च महिमा वाङ्मनसयोरतद्व्यावृत्त्या यं चकितमभिधत्ते श्रुतिरपि ॥ स कस्य

स्तोतव्यः कतिविधगुणः कस्य विषयः पदे त्वर्वाचीने पतति न मनः कस्य न वचः ॥ २ ॥

સગુણ સ્વરૂપમાં મન તથા વાણીનો અધિકાર.—હે ભગવન્! આપનો મહિમા મન તથા વાણીના માર્ગનું ઉલ્લંઘન કરી જાય છે. (મન તથા વાણી પણ આપણા મહિમાના પારને જાણી શકતાં નથી. અર્થાત્ આપણું સ્વરુપ પ્રત્યક્ષ તથા અનુમાન પ્રમાણવડે ગ્રહણ કરવું અશકય છે.) નેતિ નેતિ ઈત્યાદિ નિષેધવચન યુક્ત આપનું સ્વરુપ હોવાથી શ્રુતિ પણ તેનો નિશ્ચય કરી કહી શકતી નથી. આ રીતના આપના મહિમાનું વર્ણન કરવા કોણ શક્તિમાન્ છે? આપ ભગવાનના કેટલા ગુણોછે, તે પણ કોઈ જાણવા સમર્થ નથી. આપ કોને દૃષ્ટિગોચર થયા? (અર્થાત્ કોઇને પણ નહિ. આ પ્રમાણે અહીં સૂધી નિર્ગુણ સ્વરુપને પ્રતિપાદન કરવું અશકય કહી, હવે સગુણ સ્વરુપ પ્રતિપાદન કરી શકાય, એમ હોવાથી તેના સંબંધમાં કહેછે). એમ છતાં અર્વાચીન સ્થાનવિષે અર્થાત્ ઉત્પત્તિ, સ્થિતિ તથા લયવડે અનુગ્રહ કરનારા એવા આપણે વિષે કોનું મન તથા વાણી ફેલાતાં નથી? (૨).

मधुस्फीता वाचः परमममृतं निर्मितवतस्तव ब्रह्मन्किं वागपि सुरगुरोर्विस्मयपदम् ॥ मम त्वेतां

वाणीं गुणकथनपुण्येन भवतः पुनामीत्यर्थेऽस्मिन्पुरमथन बुद्धिर्व्यवसिता ॥ ३ ॥

ભગવાન્ સર્વ શાસ્ત્રના કર્તારૂપે.—હે બ્રહ્મન્! આપની મધુર ગુણથી ભરપૂર તથા પરમ અમૃત સ્વરુપવાળી (ઉત્પત્તિ તથા લયને વિષે લાગેલી) વાણીને ઉત્પન્ન કરવાવાળા બૃહસ્પતિની પણ વાણી શું આશ્ચર્યરુપે હોતી નથી (આશ્ચર્યયુક્ત હોય છે જ, તો પછી અમારા સરખાની તો શી જ વાત), તેમ છતાં હે ત્રિપુરને હણનારા! મારી વાણીને હું આપણા ગુણના કહેવારુપી પુણ્યવડે પવિત્ર કરું છું અને આજ હેતુથી મારી બુદ્ધિ આપની સ્તુતિ કરવામાં યોજાયલી છે. (૩).

तवैश्वर्यं यत्तज्जगदुदयरक्षाप्रलयकृत्त्रयीवस्तु व्यस्तं तिसृषु गुणभिन्नासु तनुषु ॥ अभव्यानामस्मिन्वरद रमणियामरमणीं विहंतुं व्याक्रोशीं विदधत इहैके जडधियः ॥ ४ ॥

કર્તૃત્વભાવનો નિષેધ કરનારા મીમાંસકોનું ખંડન.—હે વરદાન આપનારા! જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયને કરવાવાળું તેમ જ ત્રણ વેદસ્વરુપ અથવા તો બ્રહ્મા, વિષ્ણુ તથા રુદ્રાત્મક આપનું ઐશ્વર્ય સત્વાદિ ગુણોથી ભિન્ન ત્રણ પ્રકારના શરીરને વિષે વહેંચાલું છે. આ લોકમાં કેટલાક મંદબુદ્ધિ-

વાળાઓ, હે ભગવન્! આપના ઐશ્વર્યને પ્રકટ કરવા માટે, દુષ્ટોને સારી લાગતી તથા શુદ્ધ બુદ્ધિવાળા પંડિતોને નહી રુચે એવી આપની નિંદા કરે છે. (૪).

किमीहः किंकायः स खलु किमुपायस्त्रिभुवनं
किमाधारो धाता सृजति किमुपादान इति च ॥
अतर्क्यैश्वर्ये त्वय्यनवसरदुःस्थो हतधियः कुतर्कोऽयं
कांश्चिन्मुखरयति मोहाय जगतः ॥ ५ ॥

ખરેખર આ ધાતા શી ઇચ્છાયુક્ત થઈ ત્રણ ભુવનને સર્જે છે, આ સર્જતી વખતે તેમનું શરીર કેવું હોય છે, કેવા પ્રકારનો તેનો ઉપાય હોય છે તથા ઉત્પત્તિ કરવામાં નિમિત્તરુપ કોણ હોય છે? આ પ્રમાણે લોકોને નરકમાં નાંખવા માટે, જેનું ઐશ્વર્ય તર્કમાં આવી શકે એમ નથી એવા આપણા સંબંધમાં પ્રમાણથી રહિત તુચ્છ કુતર્ક, મૂઢબુદ્ધિવાળાઓ કરેછે. (૫).

अजन्मानो लोकाः किमवयववंतोऽपि जगता-
मधिष्ठातारं किं भव विधिरनादृत्य भवति ॥ अनीशो
वा कुर्याद्भुवनजनने कः परिकरो यतो मंदास्त्वां
प्रत्यमरवर संशेरत इमे ॥ ६ ॥

હે ભગવન્! આ ભૂર્ભુવાદિ સાતે લોક અવયવયુક્ત હોવા

છતાં જન્મથી રહિત કેવી રીતે હોઈ શકે ? (જેમ ઘડાનો અવ-યવ છે તો તેનો નાશ પણ છે). શું જગતની ઉત્પત્તિ, જગતના અધિષ્ઠાતા એવા ઈશ્વરવિના કદી થઈ શકે છે? (અર્થાત્ કર્તાવિના કાર્યની કદી ઉત્પત્તિ થતી નથી. દિશા, કાળ, ધર્મ, અધર્મ તથા પરમાણુ આદિ, ચેતનનો આશ્રય લઇને પોતાના કાર્યની ઉત્પ-ત્તિમાં પ્રવર્તે છે. જે ચૈતન્યથી શૂન્ય છે, તે ચૈતન્યનો આશ્રય સ્વીકારી કાર્યોત્પત્તિ કરવા શક્તિમાન્ થાય છે). ઈશ્વરભાવથી રહિત એવા કોઇએ ઉત્પત્તિ કરી હોય એમ માનીએ તો તે અનીશ્વરવાળા જગતની ઉત્પત્તિમાં શું નિમિત્ત છે. હે અમરવર ! આ કારણથી કેવળ મંદમતિ મીમાંસકાદિઓ જ આપના સંબંધમાં શંકા કરે છે. (૬).

त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च ॥ रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥ ७ ॥

ઈશ્વરનું સર્વાત્મભાવપણું.—ત્રણ વેદમાં કહેલો માર્ગ, સાંખ્ય શાસ્ત્રના કર્તા કપિલ ભગવાને દર્શાવેલો માર્ગ, યોગ શાસ્ત્રના કર્તા પાતંજલે દર્શાવેલો માર્ગ, શિવમાર્ગ, વૈષ્ણવ માર્ગ, એમ અનેક પ્રકારે માર્ગમાં ભિન્નતા છે (તથા અહંકાર યુક્ત થઈ આ માંહિલા ગમે તે માર્ગને મનુષ્ય અનુસરે છે.) ‘ આ

માર્ગ શ્રેષ્ઠ છે, આ માર્ગ ગ્રહણ કરવા યોગ્ય છે', આ કેવળ ઇચ્છાઓના અનેક પ્રકારો છે. સરળ અથવા કુટિલ ગમે તે માર્ગને અનુસરનારાઓને જેમ નદીઓનું સંગમસ્થાન સાગર હોય છે, તેમ સર્વ માર્ગનું સ્થાન આપ એક જ છો. (૭).

महोक्षः खट्वांगं परशुरजिनं भस्म फणिनः कपालं चेतीयत्तव वरद तंत्रोपकरणम् ॥ सुरास्तां तामृद्धिं दधति तु भवद्भ्रूप्रणिहितां नहि स्वात्मारामं विषयमृगतृष्णा भ्रमयति ॥ ८ ॥

ઈશ્વરનું પરમ યોગીપણું.—હે વરદાન આપનારા ! આપની આ (સર્વ વિચિત્ર રચના) તંત્ર અર્થાત્ માયાવડે લોકોપર ઉપકાર કરવા અર્થે છે. આપણી ભ્રુકુટીના ફરકાવવા માત્રવડે ઇંદ્રાદિ દેવતાઓ અનેક પ્રકારની સંપતને પ્રાપ્ત થાય છે. (આ પ્રમાણે છે, છતાં પોતે કોઇપણ રીતની સંપતને ભોગવતા નથી.) પોતાને તો સંપત્ રુપે પોઠીઓ, ખટ્વાંગ, પરશુ, ગજચર્મ, ભસ્મ, નાગો તથા માણસની ખોપરી હોય છે. આનું કારણ એટલુંજ કે, વિષયરુપી મૃગતૃષ્ણા યોગીને ચલાયમાન કરતી નથી. (૮).

ध्रुवं कश्चित्सर्वं सकलमपरस्त्वध्रुवमिदं परो ध्रौव्याध्रौव्ये जगति गदति व्यस्तविषये ॥ समस्ते-

ऽप्येतस्मिन्पुरमथन तैर्विस्मितइव स्तुवन् जिह्रेमि त्वां न खलु ननु धृष्टा मुखरता ॥ ९ ॥

જગતની વિચિત્રતા.—હે ત્રિપુરનો દાહ કરવાવાળા! કેટલાક આ જગતને નિત્ય કરી કહે છે. વળી બીજા અર્થાત્ બોદ્ધ જગતને ક્ષણિક કહે છે તથા કેટલાક વીતરાગીઓ આ જગતમાં નિત્યતા તથા અનિત્યતા બેઉ કહે છે. (જેમ કે આકાશાદિ પંચ મહાભૂતો નિત્ય છે, પણ ઘટાદિ ભૂતો અનિત્ય છે) આ રીતે તે વાદીઓથી મોહને પામ્યો હોયની, તેમ હું આપની સ્તુતિ કરતો છતો લજ્જા પામું છું. ખરેખર મારું આ વાચાળપણું ધૃષ્ટતારુપે નથી ? અર્થાત્ ધૃષ્ટતારુપ જ છે. (૯).

तवैश्वर्यं यत्नाद्यदुपरि विरिंचो हरिरधः परिच्छेत्तुं यातावनलमनलस्कंधवपुषः ॥ ततो भक्तिश्रद्धाभरगुरुगृणद्भ्यां गिरीश यत्स्वयं तस्थे ताभ्यां तव किमनुवृत्तिर्न फलति ॥ १० ॥

આપની સ્તુતિનું સાફલ્ય.—હે ભગવન્! ઉપરના ભાગમાં રહેલા બ્રહ્મા તથા અધો ભાગમાં રહેલા વિષ્ણુ, અગ્નિના સમૂહરુપ શરીરવાળા આપનું ઐશ્વર્ય આટલુંજ છે, એમ જાણવા અસમર્થ છે. (કારણ કે બ્રહ્મા બ્રહ્માંડ લોકમાં વ્યાપી રહેલા છે તથા વિષ્ણુ જળ તત્ત્વના નિવાસી છે. આથી આપણું

ઐશ્વર્ય જાણવા કેવી રીતે સમર્થ થાય?) તેમ છતાં ભક્તિ તથા શ્રદ્ધાથી ભરપૂર અર્થાત્ અત્યંત સ્તુતિ કરનારા બ્રહ્મા તથા વિષ્ણુવડે આપણું ઐશ્વર્ય પોતાની મેળે જ પ્રકાશને પામે છે. કારણ કે હે ગિરીશ! આપની સેવા શું કદી નિષ્ફળ થાય છે? (૧૦).

अयत्नादापाद्य त्रिभुवनमवैरव्यतिकरं दशास्यो यद्बाहूनभृत रणकंडूपरवशान् ॥ शिरःपद्मश्रेणीरचितचरणाम्भोरुहबलेः स्थिरायास्त्वद्भक्तेस्त्रिपुरहर विस्फूर्जितमिदम् ॥ ११ ॥

સ્થિર ભક્તિનું પરિણામ.—હે ત્રિપુરનું દહન કરવાવાળા! રાવણ પ્રયાસ વિના ત્રણે લોકને શત્રુસમૂહથી રહિત કરી યુદ્ધને વિષે અત્યંત ઉદ્યુક્ત હાથો ધારણ કરતો હતો. આપનાં ચરણકમળ વિષે મસ્તકરુપી કમળસમૂહવડે પૂજા કરેલી સ્થિર ભક્તિનું આ પરિણામ હતું. (૧૧)

अमुष्य त्वत्सेवासमधिगसारं भुजवनं बलात्कैलासेऽपि त्वदधिवसतौ विक्रमयतः ॥ अलभ्या पातालेऽप्यलसचलितांगुष्ठशिरसि प्रतिष्ठा त्वय्यासीद्ध्रुवमुपचितो मुह्यति खलः ॥ १२ ॥

આપણા તિરસ્કારથી નીપજતું ફળ.—આપની સેવા-

વડે મેળવેલા બળવાળા તથા આપણા સ્થાન કૈલાસને વિષે પરાક્રમ કરવાવાળા ભુજસમૂહને ધારણ કરનારા તથા પ્રયત્ન વિના નીચે નમાવેલા અંગુઠા તથા મસ્તકવાળા રાવણની સ્થિતિ પાતાળમાં અત્યંત દુર્લભ હતી. પણ આ તો યોગ્ય જ છે કે, શ્રેષ્ઠ લક્ષ્મીયુક્ત મૂઢ મનુષ્ય મોહને પામે છે. (તે જ પ્રમાણે રાવણને મોહ થયો હતો. કારણ તેને અત્યંત સમૃદ્ધિ પ્રાપ્ત થઈ હતી.) (૧૨).

यद्दृद्धिं सुत्राम्णो वरद परमोच्चैरपि सतीमधश्चक्रे बाणः परिजनविधेयस्त्रिभुवनः ॥ न तच्चित्रं तस्मिन् वरिवसितरि त्वच्चरणयोर्न कस्याप्युन्नत्यै भवति शिरसस्त्वय्यवनतिः ॥ १३ ॥

બાણાસુરપર અનુગ્રહ.—સેવકની માફક ત્રણ ભુવન જેને વશ છે એવા બાણાસુરે અત્યંત ઉત્કૃષ્ટ ઇંદ્રની સંપતને પ્રાપ્ત કરી હતી. આમાં કોઈ પણ રીતનું આશ્ચર્ય ન હતું. કારણ કે તેણે આપનાં ચરણકમળનો આશ્રય કર્યો હતો. હે વરદ! આપને વિષે કરવામાં આવેલા પ્રણામ કોને ઉન્નતિ કરાવનારા નથી થતા? અર્થાત્ સર્વને થાય છે. (૧૩).

अकांडब्रह्मांडक्षयचकितदेवासुरकृपाविधेयस्या-
ऽऽसी द्यस्त्रिनयनविषं संहृतवतः ॥ स कल्माषः

कंठे तव न कुरुते न श्रियमहो विकारोऽपि श्लाघ्यो भुवनभयभंगव्यसनिनः ॥ १४ ॥

મહાન્ પુરૂષને લાંછન શોભાસ્પદ.—હે ત્રિનયન! કાલકૂટના વિષને ગળી જવાવાળા તથા સમય વિના જગતના પ્રલયવડે ચકિત થયેલા દેવોની ઉપર કૃપાવાળા એવા આપણા કંઠમાં જે કૃષ્ણુતા છે, તે શું શોભાને નથી આપતી? ત્રણે ભુવનના ભયને ટાળવાવાળા આપને વિષે આવો વિકાર પણ પ્રશંસનીય છે. (૧૪).

असिद्धार्था नैव क्वचिदपि सदेवासुरनरे निवर्तन्ते नित्यं जगति जयिनो यस्य विशिखाः स पश्यन्नीश त्वामितरसुरसाधारण मभूत् स्मरः स्मर्तव्यात्मा नहि वशिषु पथ्यः परिभवः ॥ १५ ॥

અજિતેંદ્રિયની શ્રેષ્ઠતા.—હે ભગવન્! સર્વદા જયવાળા જે કામનાં વિજયી બાણો દેવ, અસુર તથા મનુષ્યયુક્ત ત્રણે ભુવનમાં સિદ્ધિને પામ્યાવિના પાછાં ફરતાં નથી, તે જ કામે આપને અન્ય દેવની સમાન જોયા, જેથી તે અશરીરી થયો. કારણુ કે જિતેંદ્રિય પુરુષનો અનાદર કરવો, તે સુખકર થતો નથી. (૧૫).

महीं पादाघाताद्व्रजति सहसा संशयपदं पदं
विष्णोर्भ्राम्यद्भुजपरिघरुग्णग्रहगणम् ॥ मुहुर्द्यौर्दौ-
स्थ्यं यात्यनिभृतजटाताडिततटा जगद्रक्षायै त्वं
नटसि ननु वामैव विभुता ॥ १६ ॥

મહાનની પ્રભુતા પ્રતિકૂલરૂપે.—હે ભગવન્! આપ જગતનું રક્ષણ કરવા માટે તથા (અસુરને મોહ કરવા માટે) તાંડવનૃત્ય કરો છો ત્યારે પૃથ્વીપર આપણાં ચરણ પડવાથી તે રખેને અધો ભાગમાં ચાલી જશે, એવો સંશય ઉત્પન્ન થાય છે, વિષ્ણુનું પદ અર્થાત્ અંતરિક્ષ હલાવવામાં આવતા ભુજરુપી પરિઘોવડે તથા નક્ષત્રોનો સમૂહ રખેને નાશ પામશે એવો સંશય થાય છે તથા વિખરાયલી જટાવડે જેનો છેવટનો ભાગ તાડન કરાયલો છે એવું સ્વર્ગ દુઃખે કરી સ્થિતિ કરવા યોગ્ય થાય છે. ખરેખર મહાનની પ્રભુતા પ્રતિકૂલ જ હોય છે (અર્થાત્ અનુકૂલ તો થાય છે પણ પ્રથમમાં પ્રતિકૂલ આચરણ અવશ્ય થાય છે જેમ એક નાનો સરખો રાજા પણ પોતાના દેશનું રક્ષણ કરવા માટે સેના સાથે સંચાર કરે છે ત્યારે પોતાના દેશને ઉપદ્રવ થાય છે તો પછી મોટાની બાબતમાં તો શું જ કહેવું). (૧૬).

वियद्व्यापीतारागणगुणितफेनोद्गमरुचिः प्रवाहो-
वारां यः पृषतलघुदृष्टः शिरसि ते ॥ जगद्द्वीपाकारं

जलधिवलयं तेन कृतमित्यनेनैवोन्नेयं धृतमहिम
दिव्यं तव वपुः ॥ १७ ॥

ગંગાના અવતરણનું નિરૂપણ.—હે ભગવન્! નક્ષત્રોના સમૂહે કરી વૃદ્ધિ પામેલ ફીણની ઉત્પત્તિવડે કાંતિમાન્ તથા આકાશની માફક સર્વત્ર વ્યાપક જળનો સમૂહ, આપના મસ્તકને વિષે ટીપાંથી પણ અત્યંત લઘુ હોય એમ જોવામાં આવે છે. આ જળપ્રવાહવડે સમુદ્ર જેની ખાઈ છે એવા સાતે લોકને દ્વીપરુપે કરવામાં આવ્યા છે. કારણ કે આપનું સદાનંદાત્મક શરીર અત્યંત મહિમાવાળું છે. (૧૭).

रथः क्षोणी यंता शतधृतिरगेंद्रो धनुरथो रथांगे
चन्द्राकौं रथचरणपाणिः शर इति ॥ दिधक्षोस्ते
कोऽयं त्रिपुरतृणमाडंबरविधिर्विधेयैः क्रीडंत्यो न
खलु परतंत्राः प्रभुधियः ॥ १८ ॥

ત્રણ લોકનો નાશ કરવાનું કારણ.—હે દેવ! ત્રણ જગતને દહન કરવાની ઇચ્છાવાળા આપનો આ સંભ્રમ શાને માટે છે, કે જે સંભ્રમમાં ભૂમિ રથરુપે છે, બ્રહ્મા સારથિરુપ છે, મેરુપર્વત ધનુષરુપે છે, ચંદ્ર તથા સૂર્ય ચક્રરુપે છે, ચક્ર જેના હાથમાં છે એવા વિષ્ણુ બાણરુપે છે. (આ સંભ્રમ હોવાનું કારણ એ કે)

સેવકની સાથે ક્રીડા કરનારી એવી સ્વામીની બુદ્ધિઓ પરતંત્ર હોતી નથી, અર્થાત્ સ્વતંત્ર હોય છે. (૧૮).

हरिस्ते साहस्रं कमलबलिमाधाय पदयो र्यदेकोने तस्मिन्निजमुदहरन्नेत्रकमलम् ॥ गतो भक्त्युद्रेकः परिणतिमसौ चक्रवपुषा त्रयाणां रक्षायै त्रिपुरहर जागर्ति जगताम् ॥ १९ ॥

વિષ્ણુના ચક્રની ઉત્પત્તિ.—હે ત્રિપુરહર ! ભગવાન્ વિષ્ણુ આપનાં ચરણને વિશે એક હજાર કમળ અર્પણ કરતા હતા, પણ તેમાં એક કમળ ઓછું હોવાથી હજારનો મેળ પૂરો કરવા તેણે પોતાનું નેત્ર રુપી એક કમળ ખેંચી કાઢયું, જે નેત્રકમળ ચક્રરુપી શરીરે કરી પરિણામને પામ્યું. ત્રણ જગત્ અર્થાત્ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળનું રક્ષણ કરવા માટે આ ચક્ર સર્વદા જાગૃત રહે છે. (૧૯).

क्रतौ सुप्ते जाग्रत्त्वमसि फलयोगे क्रतुमतां क्व कर्म प्रध्वस्तं फलति पुरुषाराधनमृते ॥ अतस्त्वां संप्रेक्ष्य क्रतुषु फलदानप्रातिभुवं श्रुतौ श्रद्धां बद्धा दृढपरिकरः कर्मसु जनः ॥ २० ॥

કર્મફળમાં ઈશ્વરનું કર્તૃત્વ.—હે ભગવન્ ! આ કારણને

લીધે આપને યજ્ઞમાં ફળના દાતા રુપે માની, વાગાદિ કર્મનો સ્વ-કારણને વિષે લય થયા પછી (સ્વર્ગાદિ) ફળનું દાન આપવામાં આપ જ ઉદ્યુક્ત છો, એમ માની તથા વેદવચનમાં વિશ્વાસ રાખી, મનુષ્ય કર્મોમાં દૃઢ વિશ્વાસવાળો થઈ રહે છે. કારણકે યજન કરનારા મનુષ્યોનું સૂક્ષ્મ ભાવને પામેલું કર્મ, ઈશ્વરની આરાધના વિના શું ફળીભૂત થાય છે? (જેમ કોઈ ધીરધાર કરનાર, વિશ્વાસ યોગ્ય, લાંબા સમયની સ્થિતિવાળા તથા પોતાનું ધન આપવામાં સમર્થ એવા કોઇ એક દાતાને જોઈ, અધમ કરજદાર નાશી જશે તો હું આ જામીનવાળા પાસેથી મારા પૈસા પાછા લઈશ, એવા અભિપ્રાયથી ગમે તે કરજદારને પોતાનાં નાણાં ધીરે છે, તે જ પ્રમાણે અધમ કરજદાર રુપી કર્મનો લય થવા પછી, પરમેશ્વર-રુપી જામીન પાસેથી હું મારૂં ફળ મેળવીશ, એવા અભિપ્રાયથી ધીરધાર કરનાર નિ:શંક થઈ કર્મને અનુસરે છે.) (૨૦).

क्रियादक्षो दक्षः क्रतुपतिरधीशस्तनुभृतामृषी-
णामार्त्विज्यं शरणद सदस्याः सुरगणाः ॥ क्रतुभ्रं-
शस्त्वत्तः क्रतुफलदानव्यसनिनो ध्रुवं कर्तुः श्रद्धा-
विधुरमभिचाराय हि मखाः ॥ २१ ॥

દક્ષાવધ્વંસનું કારણ.—હે શરણ આપનારા ! દક્ષ પ્રજા-પતિ જે યજ્ઞક્રિયામાં કુશળ હતા, જે યજ્ઞપતિરુપ હતા તથા (પ્રજાપતિ હોવાથી) પ્રાણી માત્રના અધિપતિ રુપે હતા, તેના

યજ્ઞમાં (વસિષ્ઠાદિ) ઋષિઓ ઋત્વિજ રુપે હતા તથા દેવસમૂહ સભ્યો તરીકે હતા, છતાં યાગમાં ફળને આપવાવાળા આપનાથી તે વિમુખ હોવાથી આપે તેના યજ્ઞનો નાશ કર્યો. ખરેખર યજમાનના, શ્રદ્ધાથી રહિત યજ્ઞો પ્રતિકૂલ અર્થને આપવાવાળા થાય છે. (૨૧).

प्रजानाथं नाथ प्रसभमभिकं स्वां दुहितरं गतं रोहिद्भूतां रिरमयिषुमृष्यस्य वपुषा ॥ धनुष्पाणे र्यातं दिवमपि सपत्राकृतममुं त्रसंतं तेऽद्यापि त्यजति न मृगव्याधरभसः ॥ २२ ॥

ઈશ્વરનું પારધીરૂપે સ્વરૂપ.—હે નાથ ! હાથમાં ધનુષ લઈ શિકારી રુપે બનેલા એવા આપનો ઉત્સાહ—બળાત્કારે મૃગલીરુપે થયેલી પોતાની પુત્રીપાસે પોતેજ મૃગનું શરીર ધારણ કરીને જતા, તેનેવિષે ક્રીડાની ઈચ્છાવાળા, કામીરુપે બનેલા, આપના બાણુના વાગવાથી વ્યથિત થયેલા તથા તેથી ત્રાસને પામેલા તથા સ્વર્ગપ્રતિ ભાગી ગયેલા એવા પ્રજાના નાથ બ્રહ્માનો હજુ ત્યાગ કરતો નથી. (૨૨).

स्वलावण्याशंसा धृतधनुषमह्नाय तृणवत्पुरः प्लुष्टं दृष्ट्वा पुरमथन पुष्पायुधमपि ॥ यदि स्त्रैणं

देवी यमनिरतदेहार्धघटनादवैति त्वामद्धा बतवरदमुग्धा युवतयः ॥ २३ ॥

ઈશ્વરનું કામાદિથી રહિતપણું.—હે ત્રિપુરદહન! જેણે ધનુષ ગ્રહણ કર્યું છે એવા કામદેવને તૃણની માફક દહન કીધેલો જોવા છતાં, પોતાના સૌંદર્ય વિષે અભિમાની એવાં પાર્વતી યમ-નિયમ આસનાદિને વિષે આસક્ત દેહના અર્ધ ભાગમાં પોતાને યોજાયલાં માની આપને સ્રીલંપટ જો માને છે તો ખરેખર અફ-સોસ છે કે, હે વરદ! સ્રીઓ અજ્ઞાનથી ભરપૂર છે. (૨૩).

श्मशानेष्वाक्रीडा स्मरहर पिशाचाः सहचराश्चिताभस्मालेपः स्रगपि नृकरोटीपरिकरः ॥ अमंगल्यं शीलं तव भवतु नामैवमखिलं तथापि स्मर्तॄणां वरद परमं मंगलमसि ॥ २४ ॥

ઈશ્વરનું શુભ ફળદાતાપણું.—હે સ્મરહર! સ્મશાનને વિષે આપનો વિહાર હોય છે, પિશાચો આપના સહવાસીઓ હોય છે, આપના શરીરપર ચિતા માંહેલી રાખનો લેપ હોય છે તથા મનુષ્યોની ખોપરીની માળા આપના કંઠમાં હોય છે. હે વરદ! આ પ્રમાણે આપનું શીલ જો કે અશુભરુપ હોય છે, છતાં તમે પોતાના ભક્તોને ઉત્કૃષ્ટ મંગળરુપ છો. (૨૪).

मनःप्रत्यक्चित्ते सविधमवधायात्तमरुतः प्रहृष्य-द्रोमाणः प्रमदसलिलोत्संगितदृशः ॥ यदालोक्याह्लादं ह्रदइव निमज्ज्यामृतमये दधत्यंतस्तत्त्वं किमपि यमिनस्तत्किल भवान् ॥ २५ ॥

ઈશ્વર યોગીના પરમધામ રૂપ.—હે ભગવન્! પ્રાણ વાયુનો નિરોધ કરનારા તથા પુલકિત રુવાંવાળા તેમ હર્ષાશ્રુથી ભરપૂર દૃષ્ટિવાળા યોગીઓ, જાણે અમૃતથી ભરપૂર સરોવરમાં સ્નાન કરતા હોયની શું તેમ, વિષયમાંથી નિવૃત્તિને પામેલા ચિત્તમાં મનને યોગયુક્ત સ્થાપી, પોતાના અંતઃકરણમાં જે એક તત્ત્વને જોઈ સુખને સંપાદન કરે છે, તે તત્ત્વરુપે પ્રસિદ્ધ રીતે આપ પોતે જ છો. (૨૫).

त्वमर्कस्त्वं सोमस्त्वमसि पवनस्त्वं हुतवहस्त्व-मापस्त्वं व्योम त्वमु धरणिरात्मा त्वमिति च ॥ परिच्छिन्नामेवं त्वयि परिणता बिभ्रति गिरं न विद्मस्तत्तत्त्वं वयमिह तु यत्त्वं न भवसि ॥ २६ ॥

ઈશ્વરની સર્વ વ્યાપકતા.—આપ સૂર્યરુપે છો, આપ ચંદ્ર-રુપે છો, આપ વાયુરુપે છો, આપ અગ્નિરુપે છો, આપ ઉદકરુપે છો તથા આપ જ પૃથ્વીરુપ છો. તમે આત્મારુપ છો. હે દેવાધિદેવ!

તત્ત્વ જાણનારા આપને વિષે ઉપર વર્ણવ્યા પ્રમાણે ભલે પરિમાણવાળી વાણીને ધારણ કરે. પણ આ લોકમાં કોઈ વસ્તુ અમે એવી જોતા નથી કે, જેમાં આપનું અસ્તિત્વ ન હોય. (૨૬).

त्रयीं तिस्रो वृत्तीस्त्रिभुवनमथो त्रीनपि सुरान-कारादैर्वर्णैस्त्रिभिरभिदधत्तीर्णविकृति ॥ तुरीयं ते धाम ध्वनिभिरवरुंधानमणुभिः समस्तव्यस्तं त्वां शरणद गृणात्योमितिपदम् ॥ २७ ॥

ૐકારનું સ્વરૂપ.—હે શરણ આપવાવાળા! સર્વ રુપે કરી વ્યાપક તથા ખંડરુપે કરી વ્યાપક, અકારાદિ ત્રણ વર્ણ (અકાર, ઉકાર તથા મકાર અર્થાત્ વિશ્વ, તૈજસ તથા પ્રાજ્ઞ સ્વરુપ) વડે ઋક્, યજુસ્ તથા સામ નામના ત્રણ વેદને ઉદાત્ત, અનુદાત્ત તથા સ્વરિત નામની ત્રણ વૃત્તિને, ત્રણ લોકને તથા બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રને ધારણ કરનાર ૐકારરુપી પ્રણવપદ આપની સ્તુતિ કરે છે. આપનું તુરીયધામ અત્યંત સૂક્ષ્મ ધ્વનિવડે વ્યાપી રહેલ તથા વિકારથી રહિત છે. (તેમાં હ્રદયથી કંઠસૂધી જાગ્રદવસ્થાની વ્યાપ્તિ છે, કંઠથી તાલુ પર્યંત સ્વપ્નાવસ્થાની વ્યાપ્તિ છે, તાલુથી લલાટ પર્યંત સુષુપ્તાવસ્થાની વ્યાપ્તિ છે, લલાટથી તે કુંડલિની સૂધી-શિવતત્ત્વ સૂધી ચતુર્થાવસ્થાની વ્યાપ્તિ છે. તેમાં અનાહત નામનો રહેલો નાદ મુક્તિ આપવાવાળો છે.) (૨૭).

भवः शर्वो रुद्रः पशुपतिरथोग्रः सहमहांस्तथा भीमेशानाविति यदभिधानाष्टकमिदम् ॥ अमुष्मिन्प्रत्येकं प्रविचरति देव श्रुतिरपि प्रियायास्मै धाम्ने प्रणिहितनमस्योस्मि भवते ॥ २८ ॥

હે દેવ ! ભવ, શર્વ, રુદ્ર, પશુપતિ, ઉગ્ર, સહમહાન્, ભીમ તથા ઈશાન આ આપના આઠ નામોમાં શ્રુતિ વિચરે છે. આપનું તુરીય ધામ જે તેજોરુપ છે તથા પ્રિયરુપ છે, તેને મારા નમસ્કાર છે. (૨૮).

नमो नेदिष्ठाय प्रियदवदविष्ठाय च नमो नमः क्षोदिष्ठाय स्मरहर महिष्ठाय च नमः ॥ नमो वर्षिष्ठाय त्रिनयन यविष्ठाय च नमो नमः सर्वस्मै ते तदिदमिति शर्वायच नमः ॥ २९ ॥

સમીપ વર્તી એવા શિવને મારા નમસ્કાર છે. હે પ્રિયદવ અર્થાત્ નિર્જન વનને ઈચ્છનારા ! અત્યંત દૂર રહેવાવાળા આપને નમસ્કાર. હે સ્મરહર ! ક્ષુદ્રતર (સૂક્ષ્મતર) એવા આપને નમસ્કાર. મહત્તર એવા આપને નમસ્કાર. હે ત્રિનેત્ર ! અતિ વૃદ્ધ તથા અત્યંત યુવાન્ રુપ એવા આપને નમસ્કાર. સર્વ રુપ આપને નમસ્કાર. સર્વનું અતિક્રમણ કરનારા એવા આપને નમસ્કાર. (૨૯).

बहलरजसे विश्वोत्पत्तौ भवाय नमो नमः प्रबलतमसे तत्संहारे हराय नमोनमः ॥ जनसुखकृते सत्त्वोद्रिक्तौ मृडाय नमोनमः ॥ प्रमहसि पदे निस्त्रैगुण्ये शिवाय नमोनमः ॥ ३० ॥

હે ભગવન્! વિશ્વની ઉત્પત્તિ વિષે અત્યંત રજોગુણને ધારણ કરનારા આપને નમસ્કાર. જગતના સંહારમાં અત્યંત તમોગુણને ધારણ કરવાવાળા આપને નમસ્કાર. જગતના પાલન ગુણની વૃદ્ધિ થવાથી મનુષ્યને સુખ આપવાવાળા સુખના સાગર એવા આપને નમસ્કાર. અત્યંત તેજના સમૂહ રુપ ત્રણગુણથી અતીત, મુક્તિ સ્થાનમાં મંગળ રૂપે રહેતા આપને નમસ્કાર. (૩૦).

कृशपरिणतिचेतःक्लेशवश्यं क्वचेदं क्व च तव गुणसीमोल्लंघिनी शश्वदृद्धिः ॥ इति चकितममंदीकृत्य मां भक्तिराधाद्वरद चरणयोस्तेवाक्यपुष्पोपहारम् ॥ ३१ ॥

હે વરદ! અલ્પ પરિમાણવાળી મારી બુદ્ધિ ક્યાં? સર્વદા ગુણ તથા મર્યાદાનું અતિક્રમણ કરેલો તથા દુઃખે કરી વશ થવા યોગ્ય આપનો મહિમા ક્યાં? આ રીતે બીધેલા મને, આપનાં ચરણમાં ભક્તિ છે તે જોઈ ભયથી રહિત કરી, તેઓ મારી વાક્ય-

રુપી પુષ્પોવડે કરાએલી પૂજાને ગ્રહણ કરતા હતા. (ક્લેશ પાંચ પ્રકારના છે જેવા કે સુખમાં આસક્તિ, દુ:ખમાં અપ્રીતિ, અવિદ્યા, ભિન્ન એવી બુદ્ધિ તથા આત્મામાં એકત્ર પ્રીતિ થવી તે તથા દ્વેષ.) (૩૧).

असितगिरिसमं स्यात्कज्जलं सिंधुपात्रे सुरतरुवरशाखा लेखनी पत्रमुर्वी ॥ लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं तदपि तव गुणानामीश पारं न याति ॥ ३२ ॥

હે સ્વામિન્! સિંધુરૂપી ખડિયામાં કાજળના પર્વતને નાંખી તેની સહી બનાવી હોય, દેવોના વૃક્ષની શાખાઓ લેખણરુપે હોય તથા જો શારદા, ઉર્વી અર્થાત્ પૃથ્વીરૂપી વિશાળ પત્રને ગ્રહણ કરી આખો વખત લખ્યા કરે, તે છતાં આપના ગુણોનો પાર આવતો નથી. (૩૨).

असुरसुरमुनींद्रैरर्चितस्येंदुमौलेर्ग्रथितगुणमहिम्नो निर्गुणस्येश्वरस्य ॥ सकलगुणवरिष्ठः पुष्पदंताभिधानो रुचिरमलघुवृत्तैः स्तोत्रमेतच्चकार ॥ ३३ ॥

અસુર, સુર તથા મુનીંદ્રો જેમની પૂજા કરે છે, જેના મસ્તકમાં ચંદ્રમા છે, જેના ગુણ તથા મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે

તથા જે ગુણુથી રહિત છે એવા મહાદેવનું આ સુંદર સ્તોત્ર, સર્વ ગુણોમાં શ્રેષ્ઠ પુષ્પદંત નામનો ગણુ કરવા લાગ્યો. (૩૩).

अहरहरनवद्यं धूर्जटेः स्तोत्रमेतत्पठति परमभक्त्या शुद्धचित्तः पुमान्यः ॥ स भवति शिवलोके रुद्रतुल्यस्तथात्र प्रचुरतरधनायुःपुत्रवान्कीर्तिमांश्च ॥ ३४ ॥

જે પુરુષ શુદ્ધ ચિત્તવાળો થઈ અત્યંત ભક્તિવડે શ્રેષ્ઠ એવા આ મહાદેવના સ્તોત્રનો દરરોજ પાઠ કરે છે, તે શિવ લોકમાં રુદ્રના સરખો થાય છે તથા આ લોકમાં પુષ્કળ ધન આયુષ્ય મેળવે છે તથા તે પુત્રવાન્ અને કીર્તિમાન્ થાય છે. (૩૪).

महेशान्नापरो देवो महिम्नो नापरा स्तुतिः ॥
अघोरान्नापरो मंत्रो नास्ति तत्त्वं गुरोः परम् ॥ ३५ ॥

મહેશ વિના બીજો દેવ નથી, મહિમન્ સ્તોત્રના સરખું બીજું સ્તોત્ર નથી, અઘોર સરખો બીજો મંત્ર નથી તથા ગુરૂ સરખું બીજું તત્ત્વ નથી. (૩૫).

दीक्षा दानं तपस्तीर्थं ज्ञानं यागादिकाः क्रियाः ॥ महिम्नः स्तवपाठस्य कलां नार्हति षोडशीम् ॥ ३६ ॥

દીક્ષા, ધન, તપ, તીર્થ, જ્ઞાન, યાગાદિ ક્રિયાઓ આ સર્વ શિવ મહિમાના સ્તોત્રની સોળમી કળાને પણ પુગી શકતાં નથી. (૩૬).

कुसुमदशननामा सर्वगंधर्वराजः शशिधरवरमौलेर्देवदेवस्य दासः ॥ स गुरु निजमहिम्नो भ्रष्ट एवास्य रोषात्स्तवनमिदमकार्षीद्दिव्यदिव्यं महिम्नः ॥ ३७ ॥

પુષ્પદંત, જે સર્વ ગંધર્વનો રાજા હતો તથા ચંદ્રશેખર જે મહાદેવનો ગણ હતો, તે મહાદેવના રૂષ્ટમાન થવાથી, મહાદેવના મહિમાથી વિમુખ થયો હતો તથા મહાદેવને સંતુષ્ટ કરવા આ ઉત્તમ મહિમન્ સ્તોત્રને બનાવ્યું. (૩૭).

सुरवरमुनिपूज्यं स्वर्गमोक्षैकहेतुं पठति यदि मनुष्यः प्राञ्जलिर्नान्यचेताः ॥ व्रजति शिवसमीपं किन्नरैः स्तूयमानः स्तवनमिदममोघं पुष्पदंतप्रणीतम् ॥ ३८ ॥

બીજા કશામાં મન રાખ્યાવિના હાથ જોડી જે મનુષ્ય, દેવતા તથા મુનિઓને પૂજ્ય, સ્વર્ગ તથા મોક્ષને આપવાવાળા આ

સ્તોત્રનો પાઠ કરે છે, તે કિન્નરોવડે સ્તુતિ કરાતો છતો શિવની સમીપ જાય છે. એવું પુષ્પદંતથી રચાયલું આ ફળ આપવાવાળું સ્તોત્ર છે. (૩૮).

श्रीपुष्पदंतमुखपंकजनिर्गतेन स्तोत्रेण किल्बिषहरेण हरप्रियेण ॥ कंठस्थितेन पठितेन समाहितेन सुप्रीणितो भवति भूतपतिर्महेशः ॥ ३९ ॥

પુષ્પદંતના મુખમાંથી નીકળેલાં, પાપને ટાળવાવાળાં, મહાદેવને વહાલાં એવાં આ સ્તોત્રનો જે કંઠસ્થ રાખી એક ચિત્ત થઈ પાઠ કરે છે, તેનાપર સર્વ પ્રાણીમાત્રના અધિપતિ મહાદેવ અત્યંત પ્રસન્ન થાય છે. (૩૯).

इत्येषा वाङ्मयी पूजा श्रीमच्छंकरपादयोः ।
अर्पिता तेन मे देवः प्रीयतां च सदाशिवः ॥४०॥

આ વાણીયુક્ત જે પૂજા મેં શંકરના ચરણકમળવિશે અર્પણ કરી, તે વડે સદાશિવ દેવ મારાપર પ્રસન્ન થાઓ. (૪૦).

इति पुष्पदंतगंधर्वराजविरचितं श्रीशिवमहिम्नःस्तोत्रं संपूर्णम् ॥ श्रीसदाशिवार्पणमस्तु ॥

॥ अथ देव्यारतिः ॥

जयदेवी जयदेवी जयमोहिनिरूपे ॥ जय० मामिह जननि समुद्धर पतितं भवकूपे ॥ जयदेवी० ॥ १ ॥ प्रवरातीरनिवासिनि निगमप्रतिपाद्ये ॥ निगम० ॥ पारावारविहारिणि नारायणिहृद्ये ॥ जयदेवी० ॥ २ ॥ प्रपञ्चसारे जगदाधारे श्रीविद्ये ॥ जगदा० ॥ प्रपन्नपालननिरते मुनिवृन्दाराध्ये ॥ जयदेवी० ॥ ३ ॥ दिव्यसुधाकरवदने कुन्दोज्ज्वलरदने ॥ कुन्दो० ॥ पदनखनिर्जितमदने मधुकैटभकदने ॥ जयदेवी० ॥ ४ ॥ विकसितपङ्कजनयने पन्नगपतिशयने ॥ पन्नग० ॥ खगपतिवहने गहने सङ्कटवनदहने ॥ जयदेवी० ॥ ५ ॥ मञ्जीराङ्कितचरणे मणिमुक्ताभरणे ॥ मणि० ॥ कञ्चुकिवस्त्रावरणे वक्त्राम्बुजधरणे ॥ जयदेवी० ॥ ६ ॥ शक्रामयभयहरणे भूसुरसुखकरणे ॥ भूसुर० ॥ करुणां कुरु मे शरणे गजनक्रोद्धरणे ॥ जयदेवी० ॥ ७ ॥ छित्वा राहुग्रीवां पासि त्वं विबुधान् ॥ पासि० ॥ ददासि मृत्युमनिष्टं पीयूषं विबुधान् ॥ जयदेवी० ॥ ८ ॥ विहरसि दानवऋद्धां समरे संसिद्धाम् ॥ समरे० ॥ मध्वमुनीश्वरवरदे पालयसंसिद्धाम् ॥ जयदेवी० ॥ ९ ॥ ॥ इति ॥

॥ अथ द्वितीया देव्यारतिः ॥

जयदेवि जयदेवि जयसुंदरितनये ॥ जय० ॥ निशिदिनि वसति कुरु भवईश्वरि मम हृदये ॥ जयदेवि० ॥ १ ॥ बिंदुंगुणकोणान्वितषट्कोणं-वृत्तं ॥ षट्० ॥ तदुपरिवसुदलपत्रं वर्तुलमपिधर्तं ॥ जयदेवि० ॥ २ ॥

द्विगुणीकृतवसुदलपत्रं मोहितहरचित्तं ॥ मोहित० ॥ द्वारचतुष्टयनिर्मितयंत्रपरितंत्रं ॥ जयदेवि० ॥ ३ ॥ वामंकलशापूरितविराचितमाधारं ॥ विराचित० ॥ तस्मिन्दर्पि सुललितपूजितमाधारं ॥ जयदेवि० ॥ ४ ॥ एवंपंचावर्णितपर्णितगुणसारं ॥ पर्णि० ॥ देहित्वंभुवनपितादुर्गसंसारं ॥ जयदेवि० ॥ ५ ॥ कलशामृतपरिपूरितनवपत्रसमेतं ॥ नव० ॥ गणपतियोगिनिबटुकक्षेत्रादिकाचित्तं ॥ जयदेवि० ॥ ६ ॥ अचर्नविधिनासहितं श्रीगुरुविधिवंतं ॥ श्रीगुरु० ॥ तारकपंडितवदनाभक्ताखिलदत्तं ॥ जयदेवि० ॥ ७ ॥ इति ॥

॥ अथ शङ्करारतिः ॥

जयदेवजयदेवजयत्र्यंबकराजन् ॥ जय० ॥ गंगाधरगौरीवरशंकरशूलपाणिन् ॥ जयदेव० ॥ १ ॥ सद्योजातंप्रपद्यामीतिस्मरणेश्रुतिमन्त्रं ॥ स्मरणे०॥ सांबपंचवक्रंतेजोमय देवम् ॥ जयदेव० ॥ २ ॥ सहजंसहजानंदंसकलंपरिपूर्णं ॥ सकलं० ॥ सर्वब्रह्मातीतंश्रुतिभिःप्रतिपाद्यम् ॥ जयदेव०॥ ३ ॥ भवेभवेनातिभवेभजतेत्रिनेत्रम् ॥ भज० ॥ भजस्वतेजोबुद्धिर्महताजगदीशम् ॥ जयदेव० ॥ ४ ॥ अनाथनाथंवंदेआत्माविश्वेशम् ॥ आत्मा० ॥ मृगधरपरशूहस्तंशिवचंद्रमौलिम् ॥ जयदेव० ॥ ५ ॥ वामदेवंवंदेविदेहिकैवल्यम् ॥ विदेहि० ॥ सद्योजातंसिद्धिर्ज्येष्ठश्रेष्ठत्वम् ॥ जयदेव० ॥ ६ ॥ विभूतिसुचार्चितशंभोसर्वांगं ॥ शंभो० ॥ नमामिरुद्रंकालंतारकजगदीशम् ॥ जयदेव० ॥ ७ ॥ अघोरघोरेघोरंहयरुद्रोभीमम् ॥ हय० ॥ भूतंनाथंदेवंभुजंगफणिभूषम् ॥ जयदेव० ॥ ८ ॥ कपर्दिकामारीचक्रतुभयनाशम्

॥ ऋतु० ॥ सर्वसर्वाध्यक्षंभक्तानुग्रहदम् ॥ जयदेव० ॥ ९ ॥ तत्पुरुषायविग्रहेतितन्मयआनंदम् ॥ तन्मय० ॥ महादेवोबुद्धिर्व्यापकसर्वांगम् ॥ जयदेव ॥ १० ॥ त्रिगुणातीतंतत्पदपरमेशम् ॥ तत्पद० ॥ शंभोनाथंमोदंप्रणवमोंकारम् ॥ जयदेव० ॥ ११ ॥ ईशानंसर्वेभूतेभजतेविद्योतम् ॥ भजते० ॥ ब्रह्मासत्पदपदब्रह्मापरमेशम् ॥ जयदेव० ॥ १२ ॥ सत्यंसत्यानंदंचिन्मयआकाशम् ॥ चिन्मय० ॥ चिदानंदोहेतुंशिवशिवओंकारम् ॥ जयदेव० ॥ १३ ॥ विद्याधरकिन्नरअप्सरगायतिसंगीतम् ॥ गायति० ॥ नंदीभृंगीचंडीगणपतिनृत्यंतम् ॥ जयदेव० ॥ १४ ॥ तांडंनिर्गुणसांबंअद्भुतआनंदम् ॥ अद्भुत० ॥ हरिहरब्रह्माध्यक्षंभक्तानुग्रहदम् ॥ जयदेव० ॥ १५ ॥ नंदीवहनागहनापार्वतिच्यारमणा ॥ पार्वति० ॥ मन्मथदहनाशंभोवातात्मजनयना ॥ जयदेव० ॥ १६ ॥ सर्वोपाधिविवर्जिततापत्रयशमना ॥ तापत्रय० ॥ कैलासाचलवासाकाशीकृतगमना ॥ जयदेव० ॥ १७ ॥ अनंतशेषोहरिहरब्रह्मामध्यस्थम् ॥ ब्रह्मा० ॥ नारदतुंबरगीतंसन्मुखहनुमंतम् ॥ जयदेव० ॥ १८ ॥ अगणितमहिमाध्यक्षंअभयंवरदानम् ॥ अभयं० ॥ गंगाधरदीक्षितकृतशिवहरसायुज्यम् ॥ जयदेव० ॥ १९ ॥ इति ॥

श्रीगणेशायनमः ।

जयदेव जयदेव जयशङ्कर शंभो ॥ जयशङ्कर० ॥ मामुद्धर भवजलनिधिमग्नं भगवन्भो ॥ जयदेव० ॥ १ ॥ यस्य स्मृतिमात्रेणह्यशिवं भवति शिवम् ॥ अशिवं ॥ यद्ध्यानामृतपानादनृतं भवति नृतं ॥ जयदेव०

॥ २ ॥ यद्भासा रोचयते जडमपि जगदखिलं । जडमपि० ॥ त्वं वंदे परमानंदघनं परम शिवम् ॥ जयदेव० ॥ ३ ॥ यदि पुनरपराधशतैरनुरक्तं त्वं माम् । अनुरक्तम्० ॥ जानीशे जगदीश्वर शरणागत बंधो ॥ जयदेव० ॥ ४ ॥ त्रयीविद्यात्मक सर्वोपनिषद्मयशूलिन् ॥ उपनिषद्० ॥ विद्यावेदिहृदिस्थो विहरन्प्रमथगणैः ॥ जयदेव० ॥ ५ ॥ अंडजग्राहप्रमुखा-खंडलदेवगणा ॥ खंडलदेव० ॥ चंडीशतवार्चातो जाता जगदीशा ॥ जयदेव० ॥ ६ ॥ कुंडलिभूषणशिरसामंडितगाङ्गजला ॥ मंडित० ॥ पंडितकुलदैवत हर परिपालय विश्वम् जय० ॥ ७ ॥ इति ॥

पत्ता

पंडित नारायण मूळजी,

बुकसेलर, काळकादेवी पोस्ट, मुंबई.

निर्णयसिन्धु, गुर्जरटीका	८–०–०
अष्टांगसंग्रह (वृद्धवागभट) मूलम्	१२–०–०
ज्योतिर्विद्याभरण सटीक	२–०–०

मुंबई:—खेतवाडी ब्याकरोड घर नं. १-२ व ३ येथें 'तत्त्वविवेचक' छापखान्यांत रा. भिवाजी हरी शिंदे यांनीं छापिलें, तें पंडित नारायण मूळजी यांनीं काळकादेवी घर नं. ३४७ येथें प्रसिद्ध केलें,

પંડિત નારાયણ મૂળજીની કંપની, કાળકાદેવીરોડ
બુકસેલર્સ.

શ્રી મહાશિવપુરાણુ (૨૪૦૦૦) શ્લોકનું શુદ્ધ ગુજરાતી ભાષાંતર	૬	૦	૦
નિર્ણયસિન્ધુ ગુ૦ ટી૦...	૮	૦	૦
ગૌ સ્વામી શ્રી તુલસીદાસકૃત રામાયણુ શુદ્ધ ગુજરાતી ટીકા દોહા ચોપાઈ ગુજરાતી લીપીમા નીર્ણયસાગર છાપનું.	૩	૮	૦
વિષ્ણુ સહસ્ત્રનામ ગુ૦ ટી૦	૦	૨	૦
શબ્દાર્થ સિન્ધુ સં૦ ગુ૦ કોષ	૪	૦	૦
ગીતા ગુ૦ ટી૦ વેદ ધર્મ સભાની નીર્ણયસાગર છાપ. ...	૦	૧૨	૦
વૈધકસાર સંગ્રહ મોટું ગુજરાતી	૧	૮	૦
શ્રી બૃહતભજન સાગર મોટું સહસ્ત્રભજન	૨	૦	૦
સ્વાહાકાર સમુચ્ચય (૩૯)	૦	૪	૦
રૂદ્રી યજુર્વેદી ટુકી સાઇજની પત્રાત્મક આરતી સાથે ...	૦	૩	૦
,, ,, રેશમી પુઠાની આરતી સાથે	૦	૬	૦
હરિરાયજીકૃત મોટું શીક્ષાપત્ર ગુ૦ ટી૦	૨	૦	૦
માધવ નિદાન ગુ૦ ટી૦	૧	૮	૦
ગ્રહગોચર ગુ૦ ટી૦	૦	૨	૦
યુવતિ સૌભાગ્યરત્ન સ્ત્રીઓને બોધ લેવા યોગ્ય	૦	૮	૦
નારાયણુ કવચ ગુ૦ ટી૦	૦	૧	૦
રામરક્ષા ગુ૦ ટી૦	૦	૦	૬
પૈરાણુ કર્મદર્પણુ પ્રયોગ નવી બીજી આવૃત્તિ છપાય છે ...	૫	૦	૦
જોતીર્વિધા ભરણુ સટીક સંસ્કૃત	૨	૮	૦

ભાગવત શુ૦ ટી૦ છુટાં પાનાં નિર્ણયસાગર છાપ ગ્લે૦		વે૦	
કાગળ	૧૦	૦	
,, ,, રફ ,, ...	૮	૦	
શુક્રુતસંહીતા શુ૦ ટી૦	૧૦	૦	
સમશતી સંસ્કૃત પાનાં મોટાં	૦	૮	
ગરૂડપુરાણ શુ૦ ટી૦	૧	૦	
સત્યનારાયણ શુ૦ ટી૦ પાનાં...	૦	૩	૦
,, ચોપડી...	૦	૧	
વૈસ્ય સંધ્યા શુ૦ ટી૦	૦	૧	
ક્ષાત્ર-જન સંધ્યા શુ૦ ટી૦	૦	૧	
ચોરાસી વૈષ્ણવની વાર્તા નીજવાર્તા ઘરૂવાર્તા વૃજભાષા બેઠક.	૫	૦	૦
ગીતા શુ૦ ટી૦ ગટ્ટુલાલજી કૃત નિર્ણય છાપ	૦	૮	૦
શબ્દરૂપાવલી એકાક્ષરી કોષસહીત	૦	૧	૦
વેદાન્ત સ્તોત્ર ભાગ ૧–૨ દરેકે ભાગ	૦	૨	૦
સુખી સદન અથવા ચડતી પડતીનો ચીતાર	૦	૬	૦
રાજવલ્લભ ગુજરાતી ટીકા	૩	૦	૦
જાતકાલંકાર અન્વયાર્થ પ્રકાશિકા શુ૦ ટી૦	૧	૦	૦
છેલની વાર્તા	૧	૦	૦
પ્રબોધા નૉવેલ (રસીક વાર્તા)	૧	૦	૦
શંકરાચાર્ય પંચરત્ન શુ૦ ટી૦	૧	૦	૦
શતશ્લોકી શંકરાચાર્ય કૃત શુ૦ ટી૦	૦	૧૦	૦
રામગીતા શુ૦ ટી૦	૦	૬	૦
વલ્લભાખ્યાન વૃજભાષા ગુજરાતી	૦	૮	૦
એકાદશોપનિષદ્ (૧૦૮) સહિત છપાય છે	૫	૦	૦